ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૦૯/૨૧-૨૨/ 2658 તારીખ : 06 SEP 2021

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી નથુભાઈ ઓઘડભાઈ બારડ,**
**મું.પો.પણાંદર,**
**તા.કોડીનાર,**
**જી.ગીર સોમનાથ**
**મો.નં. ૯૨૨૮૯૦૪૨૮૬**

કેસ નં.૦૯/૨૧-૨૨

**વિષય : નવું ખેતીવાડી વિજ કનેકશન ન મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૨/૦૪/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૦/૦૪/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૯/૨૧-૨૨/૧૩૨૫ તા.૨૨/૦૪/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૯/૨૧-૨૨/૨૨૪૩ તા.૨૯/૦૭/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૨/૦૮/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, ઉના,
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી-૧, **કોડીનાર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોર
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓ
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૦૯/૨૧-૨૨</u> ☜

વાદી :– શ્રી નથુભાઈ ઓઘડભાઈ બારડ,

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ <u>રજુઆતની તારીખઃ– તા.૧૨/૦૮/૨૦૨૧</u> ◈

હાજર રહયા :– **શ્રી નથુભાઈ ઓઘડભાઈ બારડ (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એમ.વી.બાંભણીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, ઉના (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી નથુભાઈ ઓઘડભાઈ બારડ, મું.પો.પણાંદર, તા.કોડીનાર,જી.ગીર સોમનાથ ની નવું ખેતીવાડી વિજ કનેકશન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૯/૨૧-૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલી ને પત્ર નં. અત્રેની કચેરીના પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૯/૨૧-૨૨/૧૩૨૫ તા.૨૨/૦૪/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૧૨/૦૮/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી નથુભાઈ ઓઘડભાઈ બારડ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.વી.બાંભણીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, ઉના ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆતઃ</u>– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ હું ગીર સોમનાથ જીલ્લાના કોડીનાર તાલુકાના પણાંદર ગામે મારા કુટુંબ સાથે રહુ છું. અને મારે ખેતીની જમીન છે. તેમાં ખેતીકામ કરી મારા કુટુંબ નું ગુજરાન ચલાવુ છું.

૧.૨ મારી ખેતીની જમીનો પૈકી સર્વે નં–૭૨૦/૨/પૈકી ૧, હે.આરે.ચો.મી. ૦–૧૧–૩૦ આકાર રૂ.૦–૬૫ વાળી જમીન માં કુવા ઉપર ખેતીવાડી વિજ જોડાણ મેળવવા માટે મેં તા.૨૫/૨/૧૯૯૧ ના રોજ સામાવાળા નં–૧ ની ઓફીસમાં અરજી સાથે સાધનિક કાગળો રજૂ કરીને તે વખતના નિયમ અનુસાર પાવતી નં–૭૨૨૩૯ થી રૂ.૧૫૦/– જમા કરાવેલ છે. જે રસીદ ની ઝેરોક્ષ નકલ આપની જાણ માટે આ સાથે જોડેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ ઉપર પેરા–૨ માં જણાવ્યા પ્રમાણે ખેતીવાડી વિજ જોડાણ ની મારી માંગણી ના સંદર્ભ માં સામાવાળા નં–૧ ના પત્ર જાવક નં–કેડીઆર/૭૦૪૪ તા.૭/૭/૨૦૧૪ ના પત્ર થી મને જાણ કરેલ કે, વિજ જોડાણ ની માંગણી વાળી મારી જમીન ના પાણી પત્રક અને રેવન્યુ રેકર્ડ ની નકલો પૂરી પાડવાનું જણાવતા, મેં મુદત દરમ્યાન તેવી નકલો સામાવાળા નં–૧ ની કચેરી માં રજૂ કરીને પૂર્તતા કરેલ છે. ઉપરાંત, મારી ઉપર વિજ બિલ ની રકમ રૂા.૧૧,૨૫૧/૪૦– બાકી હોવાનું જણાવતા, મેં તે વિજ બિલ ની બાકી રકમ રૂા.૧૦૧૬૩/– પાવતી નં–૭૬૪૮૫૦ તા.૨૦/૪/૨૦૧૯ તથા રકમ રૂા.૧૬૫૪/– પાવતી નં–૭૬૪૮૫૧ તા.૨૦/૪/૨૦૧૯ થી સામાવાળા નં–૧ ની કચેરીમાં ભરી આપેલ છે. ત્યારબાદ, સામાવાળા નં–૧ ના કચેરી ના અધિકારીઓ મારી માંગણી વાળી જમીન ઉપર આવીને સ્થળ તપાસ કરી સર્વે કરી ગયેલ છે. પરંતુ, વિજ જોડાણ નું કવોટેશન(ભાવપત્રક) મને આજદિન સુધી મળેલુ નથી.જેથી, મેં સામાવાળા નં–૧ ની કચેરીએ અનેક વખત રૂબરૂ લેખિત રજૂઆત કરેલ છે. તેમ છતાં, કોઈ કાર્યવાહી થયેલ નથી.

૧.૪ વિજ અધિનિયમ–૨૦૦૩ ની કલમ–૪૩(૧) ની જોગવાઈ મુજબ નવા વિજ જોડાણ માટેની મારી અરજી મળ્યા તારીખ થી દિવસ–૩૦ માં વિજ જોડાણ આપી વિજ પુરવઠો પૂરો પાડવાનો થાય છે અને મારી નવા વિજ જોડાણ ની માંગણી વાળા સર્વે નં–૭૨૦/૨/પૈકી ૧ વાળી જમીનની બાજુની જમીન વાળા ખેડૂતોને ઘણા વખતથી ખેતીવાડી વિજ જોડાણ આપવામાં આવેલા છે,એટલે મારી માંગણીવાળા વિજ જોડાણ માટે નવી વિજ લાઈન ઉભી કરવાની થતી નથી અને તે સિવાય મારી માંગણી વાળું ખેતીવાડી વિજ જોડાણ નામંજૂર કરવા કે ઢીલમાં રાખવા માટે ઉપર જણાવેલ કલમ –૪૩ માં કોઈ જોગવાઈ નથી. ઉલટ કલમ–૪૩ ની પેટા કલમ–૩ મુજબ, જો નવું વિજ જોડાણ ન આપવામાં આવે તો દૈનિક રૂા.૧૦૦૦/– ના દંડ ની જોગવાઈ છે.

૧.૫ ઉપરની વિગતે સને–૧૯૯૧ થી પેન્ડીગ મારા નવા ખેતીવાડી વિજ જોડાણ આપવા અંગે મેં સામાવાળા નં–૧, સામાવાળા નં–૨, અને મુખ્ય ઈજનેરશ્રી, પીજીવીસીએલ, મુખ્ય ઓફીસ, મું.રાજકોટ ને '' કાનૂની સૂચના '' તા.૧૩/૧/૨૦૨૧ થી આપેલ છે. જેની ઝેરોક્ષ નકલ આ સાથે જોડેલ છે. જેથી, સામાવાળા નં–૨ ના પત્ર ક્રમાંક–ઉનાડી/ટિક–૧/૧૧૧૯ તા.૧૯/૨/૨૦૨૧ ના પત્રથી જણાવેલ કે, આપના દ્વારા કોડીનાર–૧ પેટા વિભાગીય કચેરી ખાતે કરવામાં આવેલ નવીન ખેતી વિષયક જોડાણ ની અરજી કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોડીનાર–૧ પેટા કચેરી દ્વારા સાધનીક દસ્તાવેજો ની ચકાસણી કરી, જુનું લેણું ચકાસવામાં આવતા રૂા.૫૮,૦૮૦/૫૩ લેણા નાણાં હોવાથી સપ્લાય કોડ – ૨૦૧૫ ના પ્રવર્તમાન નિયમો અનુસાર નવીન વિજ જોડાણ ની આગળની કાર્યવાહી હાથ ધરી શકાય નહી. જે ભરપાઈ થયે, પ્રવર્તમાન નિયમો અનુસાર આગળની કાર્યવાહી હાથ ધરી શકાશે. જે પત્રની ઝેરોક્ષ નકલ આ સાથે જોડેલ છે.

૧.૬ ઉપરોકત પેરા નં–૫ માં જણાવ્યા મુજબ મારી પાસે જુનું લેણું બાકી હોય તે અંગે જણાવવાનું કે, સામાવાળા નં–૧ ના એ મારી પાસેથી બાકી લેણાની રકમ વસુલ કરવા કોર્ટ માં કેસ દાખલ કરેલ છે. જે હાલમાં કોર્ટ માં ચાલુ છે. જે કેસમાં કોર્ટ તરફથી જે ચુકાદો આપવામાં આવશે તે મને માન્ય રહેશે.

૧.૭ સબબ માંગણી કે,

મારી માંગણી મુજબનું નવું ખેતીવાડી વિજ જોડાણ મને આપી વિજ પુરવઠો વહેલી તકે ચાલુ કરી આપે તેવો સામાવાળા નં–૧ અને ૨ ને હુકમ કરવા નમ્ર વિનંતી છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

શ્રી નથુભાઈ ઓઘડભાઈ બારડ, રહે. પંણાદર દ્વારા કોડીનાર–૧ પેટા કચેરી એ ખેતીવાડી નવીન વિજ જોડાણ માટે ખેતીવાડી સર્વે નં–૭૨૦/પૈકી–૨ માં રસીદ નં–૭૨૨૩૯ થી તા.૨૫/૨/૧૯૯૧ ના રોજ માંગણી કરેલ. અનુસંધાને પેટા કચેરી દ્વારા સદર વિજ જોડાણ ની આગળની કાર્યવાહી કરવા અન્વયે, જુનું લેણું ચેક કરતા પેટા કચેરી ના રેકર્ડ મુજબ માંગણી કરેલ શ્રી નથુભાઈ ઓઘડભાઈ બારડ રહે.પંણાદર.તેમજ ભરતભાઈ નથુભાઈ બારડ રહે.પંણાદર બંને વ્યકિતઓ પાવર ચોરી કેસમાં પકડાયેલ હોય, જે વિગતવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ નં | ચેકીંગ તારીખ | નામ | કેટેગરી | ગામ | પાવર ચોરી કેસમાં પકડાયેલ બાકી નાણાંની રકમ રૂા. | પાવર ચોરી કેસમાં ભરપાઈ થયેલ નાણાંની રકમ રૂા. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૯.૩.૨૦૧૩ | ભરતભાઈ નથુભાઈ બારડ | AG/NC | પંણાદર | ૧૦,૧૬૩/– | ૧૦,૧૬૩/– રસીદ નં–૭૬૪૮૫૦ તા.૨૦/૪/૨૦૧૯ |
| ૨ | ૪.૧૦.૨૦૧૪ | નથુભાઈ ઓઘડભાઈ બારડ | AG/NC | પંણાદર | ૩૯,૨૯૦/– | ૩૯,૨૯૦/– રસીદ નં–૨૬૩૨૩૩૫ તા.૫/૬/૨૦૧૮ |
| | | | | | ૩,૦૦૦/– | ૩,૦૦૦/– રસીદ નં– ૬૩૨૩૩૬ તા.૫/૬/૨૦૧૮ |
| ૩ | ૧૯/૨/૨૦૧૬ | નથુભાઈ ઓઘડભાઈ બારડ | RL/NC | પંણાદર | ૨૨,૬૪૦/– | ૨૨,૬૪૦/– રસીદ નં– ૬૩૨૩૩૭ તા.૫/૬/૨૦૧૮ |
| | | | | | ૧૦૦૦/– | ૧૦૦૦/– રસીદ નં–૬૩૨૩૩૮ તા.૫/૬/૨૦૧૮ |
| ૪ | ૨૭/૧/૨૦૧૭ | નથુભાઈ ઓઘડભાઈ બારડ | RL/NC | પંણાદર | ૪૩,૨૩૮/૦૧ | બાકી |
| | | | | | DPC–૬૫૯૧/૧૨ | |
| | | | | | ૧૦૦૦/– | |
| ૫ | ૧૧/૨/૨૦૧૯ | નથુભાઈ ઓઘડભાઈ બારડ | RL/NC | પંણાદર | ૯,૭૮૦/– | ૯,૭૮૦/– રસીદ નં–૮૯૧૯૪૯ તા.૧/૧૨/૨૦૨૦ |
| | | | | | ૧,૨૫૦/– | ૧,૨૫૦/– રસીદ નં–૮૯૧૯૫૧ તા.૧/૧૨/૨૦૨૦ |
| | | | | | ૧,૦૦૦/– | ૧,૦૦૦/– રસીદ નં–૮૯૧૯૫૦ તા.૧/૧૨/૨૦૨૦ |
| ટોટલ | | | | | ૧,૩૮,૯૫૨/૧૩ | ૮૮,૧૨૩/– |
| ભરપાઈ કરવાની બાકી રકમ | | | | | | ૫૦,૮૨૯/૧૩ |

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

આમ, સપ્લાય કોડ–૨૦૧૫ પેટા ખંડ–૪.૩૦ મુજબ બાકી લેણાં નાણા હોવાથી નવીન વિજ જોડાણ આપી શકાય નહી. જેથી, પેટા કચેરી દ્વારા સદર અરજદારશ્રી ને બાકી લેણા નાણાં ભરપાઈ કરવા સમજ આપવામાં આવેલ છે અને જણાવવામાં આવેલ છે કે, પાવરચોરી કેસમાં પકડાયેલ ઉપરોક્ત બાકી રકમની ભરપાઈ થયે, પેટા કચેરી દ્વારા નવા ખેતીવાડી વિજ જોડાણ ની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

જે આપની જાણ તેમજ આગળની કાર્યવાહી સારૂં.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી નથુભાઈ ઓઘડભાઈ બારડ, ગામ–પંણોદર, તા.કોડીનાર માં તેની માલીકીની ખેતી જમીન માં નવું ખેતીવાડી વિજ જોડાણ માટે તા.૨૫/૨/૧૯૯૧ ના રોજ અરજી નોંધણી કરાવી, વિજ જોડાણ માંગેલ છે. જેના પર પ્રતિવાદીએ કાર્યવાહી કરીને વિજ જોડાણ આપેલ નથી.

૩.૨ પ્રતિવાદીની આજરોજ મૌખિક રજૂઆત મુજબ જે તે સમયે ૧૯૯૧ ના સમયમાં કોડીનાર વિસ્તાર ડાર્ક ઝોનમાં સરકાર ની તરફથી જાહેર થયેલ હોય, ખેતીની અરજીઓ પર કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. ત્યારબાદ, ૨૦૧૨ ના વર્ષ માં સરકાર ની તરફથી ડાર્ક ઝોન ઉઠાવી લેતા, વિજ જોડાણ આપવાની કાર્યવાહી કોડીનાર સબ ડિવિઝન દ્વારા કરવામાં આવેલ.

૩.૩ તે દરમ્યાન વાદી અરજદાર ના ઘરે તેમજ ખેતીવાડી ની જમીન પર પીજીવીસીએલ દ્વારા નીચે જણાવ્યા મુજબ જુદા જુદા વર્ષ માં અને તારીખે વિજ ચેકીંગ કરતાં, પાવરચોરી ના વિજ બિલ આપવામાં આવેલ.

| ક્રમ નં | ચેકીંગ તારીખ | નામ | કેટેગરી | ગામ | પાવર ચોરી કેસમાં પકડાયેલ બાકી નાણાંની રકમ રૂા. | પાવર ચોરી કેસમાં ભરપાઈ થયેલ નાણાંની રકમ રૂા. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૯.૩.૨૦૧૩ | ભરતભાઈ નથુભાઈ બારડ | AG/NC | પંણાદર | ૧૦,૧૬૩/– | ૧૦,૧૬૩/– રસીદ નં–૭૬૪૮૫૦ તા.૨૦/૪/૨૦૧૯ |
| ૨ | ૪.૧૦.૨૦૧૪ | નથુભાઈ ઓઘડભાઈ બારડ | AG/NC | પંણાદર | ૩૯,૨૯૦/– | ૩૯,૨૯૦/– રસીદ નં–૨૬૩૨૩૩૫ તા.૫/૬/૨૦૧૮ |
| | | | | | ૩,૦૦૦/– | ૩,૦૦૦/– રસીદ નં– ૬૩૨૩૩૬ તા.૫/૬/૨૦૧૮ |
| ૩ | ૧૯/૨/૨૦૧૬ | નથુભાઈ ઓઘડભાઈ બારડ | RL/NC | પંણાદર | ૨૨,૬૪૦/– | ૨૨,૬૪૦/– રસીદ નં– ૬૩૨૩૩૭ તા.૫/૬/૨૦૧૮ |
| | | | | | ૧૦૦૦/– | ૧૦૦૦/– રસીદ નં–૬૩૨૩૩૮ તા.૫/૬/૨૦૧૮ |
| ૪ | ૨૭/૧/૨૦૧૭ | નથુભાઈ ઓઘડભાઈ બારડ | RL/NC | પંણાદર | ૪૩,૨૩૮/૦૧<br>DPC–૬૫૯૧/૧૨<br>૧૦૦૦/– | બાકી |
| ૫ | ૧૧/૨/૨૦૧૯ | નથુભાઈ ઓઘડભાઈ બારડ | RL/NC | પંણાદર | ૯,૭૮૦/– | ૯,૭૮૦/– રસીદ નં–૮૯૧૯૪૯ તા.૧/૧૨/૨૦૨૦ |
| | | | | | ૧,૨૫૦/– | ૧,૨૫૦/– રસીદ નં–૮૯૧૯૫૧ તા.૧/૧૨/૨૦૨૦ |
| | | | | | ૧,૦૦૦/– | ૧,૦૦૦/– રસીદ નં–૮૯૧૯૫૦ તા.૧/૧૨/૨૦૨૦ |
| | | ટોટલ | | | ૧,૩૮,૯૫૨/૧૩ | ૮૮,૧૨૩/– |
| | | ભરપાઈ કરવાની બાકી રકમ | | | | ૫૦,૮૨૯/૧૩ |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તા.૨૭/૧/૨૦૧૭ ના રોજ વાદીના ઘરે વિજ ચેકીંગ દરમ્યાન પાવરચોરી પકડાયેલ. જેની સામે વાદીને આપવામાં આવેલ પાવરચોરી ના બિલ ની રકમ રૂા.૪૩,૨૩૮/– તથા ડી.પી.સી ચાર્જ અને અન્ય ચાર્જ બાકી હોય, પ્રતિવાદીએ વાદીને જીઈઆરસી નોટીફીકેશન નં–૪/૨૦૧૫ ના સેકશન નં–૪.૩૦ મુજબ ખેતીવાડી વિજ જોડાણ આપવાની ના પાડેલ.

૩.૪ વાદી નટુભાઈ ઓઘડભાઈ બારડ ના નામનું વિજ જોડાણ માંગેલ છે તેમજ વાદી સામે તે જ નામની પ્રતિવાદીની વિજ બિલ પેટે ની રકમ ભરવાની બાકી હોય, પ્રતિવાદીએ સપ્લાય કોડ ના સેકશન નં–૪.૩૦ મુજબ વિજ જોડાણ આપવાની ના પાડેલ છે.

આથી, હુકમ કરવામાં આવે છે કે, વાદી બાકીની રકમ જો ભરપાઈ કરી આપે તો, પ્રતિવાદીએ વાદીના ખેતીવાડી વિજ જોડાણ ની કાર્યવાહી નિયમો મુજબ હાથ ધરવી.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં." ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

( — )
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૧૨/૦૮/૨૦૨૧.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar